ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની રંગારંગ ઉજવણી

**રામકથા મેદાન ખાતે સ્વાતંત્ર્ય પર્વે વન- પર્યાવરણ રાજય મંત્રી શ્રી મુકેશ પટેલે રાષ્ટ્ર ધ્વજ લહેરાવી સલામી આપી : ભારતને મહામૂલી આઝાદી અપાવનાર સર્વે નામિ-અનામિ શહીદવીરોને શ્રધ્ધા સુમન અર્પણ કરતાં વન-પર્યાવરણ રાજય મંત્રીશ્રી**







ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી ગાંધીનગરના રામકથા મેદાન ખાતે કરવામાં આવી હતી. વન-પર્યાવરણ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે રાષ્ટ્ર ધ્વજ લહેરાવી સલામી આપી હતી. અને ભારતને મહામૂલી આઝાદી અપાવનાર સર્વે નામી-અનામિ શહીદવીરોને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે વન-પર્યાવરણ રાજય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા માટે આ એક વિશેષ પર્વ છે, માતૃભૂમિના ચરણોમાં વંદન કરવાનું, આપણા શહીદ વીરોને યાદ કરીને તેમના પ્રતિ આદર વ્યક્ત કરવાનું અને સાથે જ રાષ્ટ્રની ગરિમા- ગૌરવ પ્રતિ આપણી રાષ્ટ્રભાવના તથા નિષ્ઠાને સંકલ્પબદ્ધ કરવાનું આ વિશેષ પર્વ છે. માતૃભૂમિની આઝાદી માટે જીવન ન્યોચ્છાવર કરનારા સ્વાતંત્ર્યવીરોને નમન કરું છું અને માભોમની રક્ષા કાજે સર્વોચ્ચ બલિદાન આપનારા વીર શહીદોને આ અવસરે વંદન કરું છું. સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વીર શહીદોના સપનાના ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થવા હું સૌને અનુરોધ કરું છુ. આઝાદી બાદ ગુજરાતના પનોતા પુત્ર સરદાર પટેલે સેંકડો રજવાડાઓને એકત્ર કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. આજે ગુજરાતના પનોતાપુત્ર અને આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક ભારત શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે કમરકસીને ભારતને આંતરરાષ્ટ્રીય ફલક પર વધુ દૈદિપ્યમાન બનાવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, તા. ૯ ઓગસ્ટથી સમગ્ર દેશમાં "મારી માટી, મારો દેશ" અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન ૩૧ ઓગષ્ટ સુધી રાષ્ટ્રભક્તિની ભાવનાની ચેતના જાગૃત કરવાનું મહત્ત્વપૂર્ણ કામ કરશે. દેશભક્તિનું આ અનોખુ અભિયાન જન-જનની સહજ ભાગીદારીથી મહેકી રહ્યું છે. આઝાદી માટે શહાદત વહોરનાર દરેક વીર જવાનોને સાચી શ્રદ્ધાંજલિ આપવા દેશના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમા "મારી માટી, મારો દેશ" અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.આ અભિયાન હેઠળ દેશભરનાં ૨.૫ લાખથી વધુ ગામોની માટી એકઠી કરીને તેને રાજધાની દિલ્હીના કર્તવ્યપથ સુધી લાવીને "અમૃત મહોત્સવ સ્મારક" તેમજ "અમૃતવાટિકા"નું નિર્માણ કરવામાં આવનાર છે.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં દેશમાં રેલ્વે સેવાઓ, સાંસ્કૃતિક

● અનુસંધાન પાન-૬ પર

# શહેરમાં નવા આવાસો બાંધવાની યોજનામાં વિલંબ

**અગાઉ સે-૨૨ માં નવા મકાનો બાંધવા માટે પ્રાથમિક વિચારણા હાથ ધરવામાં આવી હતી : જો કે હજુ પણ આખરી નિર્ણય લેવાયો નથી : સેકટરોમાં આવાસની ઘટ વચ્ચે અંદાજિત ૧૪૦૦ જેટલા નવા મકાનો બાંધવાનુ આયોજન : સેકટરોમાં જુના મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી છે પરંતુ સર્વેના અંતે પણ નવા મકાનો બાંધવા સ્થળ પસંદગી કરવામાં વિલંબ**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના સેકટરોમાં પાંચ દાયકા જુના મકાનો હવે કંગાળ બન્યા છે. વર્ષોના અંતે આ આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેના લીધે જોખમી મકાનો તોડીને સેકટરોમાં ખુલ્લી થતી જગ્યામાં નવા અદ્યતન સુવિધાઓથી સજ્જ આવાસો બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં હજુ ૧૪૦૦ જેટલા નવા સરકારી આવાસો બાંધવાની યોજનાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. પરંતુ જોખમી આવાસો તોડવાની કામગીરીના બાદ ખુલ્લી થયેલી જગ્યાના અંતે પણ નવા આવાસો બાંધવા માટે હજુ સુધી સ્થળ પસંદગી કરવામાં આવી નથી સાઈટ આખરી થઈ નથી અગાઉ સે-૨૨ માં આવાસો બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે હવે સે- ૨૮ અને ૨૯ તરફ પણ નજર મંડરાતા ટુંકમાં આવાસોના નિર્માણ મામલે જગ્યાની પસંદગી કરી દેવાશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં સે -૧૭ માં જુના અને જોખમી મકાનો તોડીને હાલ સદસ્ય

● અનુસંધાન પાન-૫ પર

# મેટ્રો પ્રોજેક્ટની કામગીરીના અંતે પણ ઘ-૫ અને ચ-૫ સર્કલનું અસ્તિત્વ યથાવત રહેશે

**આ વિસ્તારમાં ૪૫ મીટરની લંબાઈનો સ્પાન રાખવા વિચારણા**

ગાંધીનગર, તા.૧૬

શહેરના માર્ગો વચાળે આગામી દિવસોમાં મેટ્રો ટ્રેન દોડતી જોવા મળશે હાલ શહેરના મુખ્ય માર્ગો પર મેટ્રો રેલની કામગીરીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે જ્યારે મેટ્રોના રૂટમાં આવતા ચ ૫ અને ઘ ૫ સર્કલનું અસ્તિત્વ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે જેને અનુલક્ષીને સર્કલની વચાળે બીમ ન આવે તે માટે ૪૫ મીટર લંબાઈના સ્પાન રાખવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી છે

અગાઉ મેટ્રો રેલ કોર્પોરેશન અને રાજ્યના માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની આ મામલે બેઠક પણ યોજવામાં આવી હતી . જેમાં ચ ૫ સર્કલ અને ઘ ૫ સર્કલ મામલે પણ ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી આ બન્ને સર્કલ શહેરના ચ અને ઘ રોડ પર તથા મુખ્ય માર્ગ નંબર ૫ને જોડતા હોવાથી આ વિસ્તારમાં વાહનોની અવર જવર રહેતી હોવાના મુદ્દાને પણ ધ્યાને લેવામાં આવ્યો છે ટ્રાફિકના યોગ્ય સંચાલન માટે પણ બન્ને સર્કલનું અસ્તિત્વ પણ અનિવાર્ય છે માટે જ સર્કલના અસ્તિત્વને જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આવા સંજોગોમાં સર્કલ ઉપરથી પસાર થતા એલીવેટેડ વે પર આ સ્થળે ૪૫ મીટર લંબાઈનો સ્પાન મુકવામાં આવશે. જેના લીધે સર્કલની વચાળે પીલ્લર રાખવાની અનિવાર્યતા ઊભી થશે નહી જ ચ ૦ સર્કલ પર ૩૦૦ ટન વજનનું ગડર મુકીને આવી વ્યવસ્થા કરવામાં આવી હતી. શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલ તોડવામાં આવશે નહી પરંતુ આ વિસ્તારમાં જરૂરી સ્પાન રાખવામાં આવશે જેના લીધે ટ્રાફિકની અવરજવર માં ખલેલ નહી પડે સરળતાથી ટ્રાફિક પસાર થશે શહેરમાં ટ્રાફિકની અવરજવર થી ધમધમતા સર્કલ વિસ્તારની ઓળખ પણ યથાવત રહે તે માટે સર્કલ દુર નહી કરવામાં આવે જો કે સર્કલ વિસ્તાર નાનો થઈ જાય તેવી સંભાવના છે.

# વનતંત્ર પાસે મેનપાવરનો અભાવ : ૨૨ મજુરોની ઘટ

**વનવિસ્તારમાં સફાઇનો અભાવ : હાલ જરૂર મુજબ આઉટ સોર્સિંગથી કામ ચલાવાય છે મજુરોના અભાવે સફાઇ અને ટ્રીમીંગની કામગીરી પણ પ્રભાવિત**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર વન વિસ્તારમાં હાલ ગંદકી અને દબાણ સહીતની સમસ્યાઓથી ઘેરાયેલો છે. વન વિસ્તારમાં સફાઈ તેમજ સેકટરોમાં વૃક્ષોના ટ્રીમીંગ સહીતની કામગીરી સમયસર થતી નથી. ત્યારે વનતંત્ર પાસે મશીનરી અને મેનપાવરનો અભાવ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. વનતંત્ર પાસે હાલ માત્ર ૩૦ જેટલા મજુરો છે. જયારે ૨૨ મજુરોની ઘટ છે. જેના લીધે વન વિસ્તારમાં સફાઈ તેમજ વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી પણ પ્રભાવિત છે. જો કે હાલની સ્થિતિએ જરૂર મુજબ આઉટ સોર્સિંગની મદદથી કામ ચલાવાય છે.

ગાંધીનગરમાં વન આરક્ષિત વિસ્તાર પણ સમસ્યાઓથી ઘેરાયેલો છે. વન વિસ્તારમાં ગંદકી અને રખડતા ઢારની સમસ્યા પણ પેચીદી બનતી જાય છે. વન આરક્ષિત જગ્યામાં વનતંત્ર દ્વારા વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવે છે. આ વર્ષે પણ કરવામાં આવી છે. પરંતુ વન વિસ્તારની જગ્યામાં છાશવારે તુટી જતી ફેન્સીંગના લીધે પણ દબાણો અને

● અનુસંધાન પાન-૬ પર

# મનપા દ્વારા સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી

**ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ૭૭ માં સ્વતંત્રતા પર્વની મેયર હિતેશ મકવાણાના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી : આ અવસરે મેયરે તિરંગો લહેરાવી ધ્વજવંદન કર્યું અને નગરજનોનું અભિવાદન ઝીલ્યું : આઝાદીની લડાઈમાં અને ત્યારબાદ દેશના નિર્માણમાં ગાંધી - સરદારની જોડીએ એક મક્કમ અને મજબૂત નિર્ણયોથી દેશનો ઉદ્ધાર કર્યો એવી જ રીતે અત્યારે નરેન્દ્રભાઈ અને અમિતભાઈની જોડી વૈશ્વિક ફલક પર ભારતનો ડંકો વગાડી રહી છે : મેયર હિતેશ મકવાણા**









પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે આપણો દેશ આત્મનિર્ભર બની રહ્યો છે, ત્યારે વિશ્વભરમાં આપણા દેશની જે નામના થઈ છે એનું સૌથી મોટુ ઉદાહરણ જી ટ્વેન્ટી (જી-૨૦) સમીટ, જેની યજમાની આજે ગૌરવભેર ભારત કરી રહ્યું છે. જે એક ઐતિહાસિક સિદ્ધિ છે. નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં આવી તો અનેક સિદ્ધિઓ ભારતવર્ષને પ્રાપ્ત થઈ છે. પ્રધાનમંત્રીના પ્રયાસોથી જ આપણે આઝાદીના અમૃતકાળમાં અમૃત મહોત્સવની ભવ્ય ઉજવણી કરી અને હવે તેના અંતિમ પડાવમાં દેશના સપુતોના બલિદાનોની કાયમી યાદગીરી માટે આપણે "મેરી માટી, મેરા દેશ" કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. મેયરે સૌને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાવા ગાંધીનગર મહાનગરપાલિકા વતી આહવાન કર્યું હતી.

મેયરે ઉમેર્યું હતું કે આપણે ગાંધીનગરવાસીઓ નસીબદાર છીએ કે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબ આપણા સાંસદ છે,

● અનુસંધાન પાન-૬ પર



દેશના પુર્વ વડાપ્રધાન અને ભારતરત્ન શ્રધ્ધેય અટલ બિહારી વાજપેયીજીની પુણ્યતિથિ નિમિત્તે સે-૨૧ ભાજપના કાર્યાલય ખાતે મેયર તેમજ ભાજપના અગ્રણીઓએ અટલજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મેયર હીતેશ મકવાણા, શહેર ભાજપના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ , મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા સહીતના હોદેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે સદાય રાષ્ટ્ર સેવામાં સમર્પિત રહેતા અટલજીના જીવનના ઉચ્ચ મુલ્યો સૌ માટે પ્રેરણાદાયી અને માર્ગદર્શક હોવાનુ પણ મેયર હીતેશ મકવાણાએ જણાંવ્યુ હતુ.

# આજથી જી-૨૦ આરોગ્ય મંત્રીઓની બેઠકનો આરંભ

**"જી૨૦ના સહ-બ્રાન્ડિંગ સાથેનો કાર્યક્રમ એડવાન્ટેજ હેલ્થ કેર ઈન્ડિયા ૨૦૨૩, સ્થિતિસ્થાપક આરોગ્ય સંભાળ વ્યવસ્થાનું નિર્માણ કરવા માટે વૈશ્વિક સહયોગ અને ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરશે"**

નવી દિલ્હી, તા.૧૬

ગુજરાતમાં ગાંધીનગર ખાતે ૧૭ થી ૧૯ ઑગસ્ટ, ૨૦૨૩ દરમિયાન ભારતની જી૨૦ની અધ્યક્ષતા હેઠળ જી-૨૦ આરોગ્ય મંત્રીઓની બેઠક યોજવામાં આવશે. ભારતે ૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ જી-૨૦ની અધ્યક્ષતા સંભાળી હતી અને હાલમાં ઈન્ડોનેશિયા, ભારત અને બ્રાઝિલનો સમાવેશ કરીને તે જી-૨૦ ટ્રોઈકાનો ભાગ છે. ટ્રોઈકામાં ત્રણ વિકાસશીલ અને ઉભરતી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ થાય છે તેવું ભારતની ૨૨૦ની અધ્યક્ષતાએ પ્રથમ વખત ચિહ્નિત કર્યું છે.

જી-૨૦ આરોગ્ય મંત્રીની બેઠકમાં મુખ્યત્વે જી-૨૦ હેલ્થ ટ્રેકની ત્રણ મુખ્ય પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જેમાં એન્ટી-માઈક્રોબાયલ પ્રતિકાર અને વન હેલ્થ ફ્રેમવર્ક પર ધ્યાન કેન્દ્રિત કરીને આરોગ્ય કટોકટી નિવારણ, સજ્જતા અને પ્રતિભાવ; સલામત, અસરકારક, ગુણવત્તાયુક્ત અને સસ્તા તબીબી પ્રતિરોધક પગલાંઓ (રસીઓ, ઉપચાર અને નિદાન)ની સુલભતા અને ઉપલબ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરીને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં સહકારનું મજબૂતીકરણ; અને સાર્વત્રિક આરોગ્ય કવરેજમાં મદદ કરવા તેમજ આરોગ્ય સંભાળ સેવા ડિલિવરીમાં સુધારો કરવા માટે ડિજિટલ આરોગ્ય આવિષ્કારો અને ઉકેલોનો સમાવેશ થાય છે.

LED TV રીપેરીંગ
ગાંધીનગર માટે આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

# પ્રાથમિક શાળાઓમાં PTC શિક્ષકોની જ ભરતી થઈ શકશે

**B.Ed કરેલ ઉમેદવારોને ભરતીમાં શિક્ષક તરીકે ન લઈ શકાય એવો મોટો ફેરફાર થઈ શકે છે**

ગાંધીનગર,તા.૧૬

પ્રાથમિક શાળાઓની શિક્ષક ભરતીને લઈ મોટા ફેરફાર આવી શકવાની સંભાવનાઓ વર્તાવા લાગી છે. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યો છે. જેમાં ૨૦૧૮માં દ્રઝ્ઈ દ્વારા લેવામાં આવેલ નિર્ણયને રદ કરવામાં આવ્યો છે.

પ્રાથમિક શાળાઓની શિક્ષક ભરતીને લઈ મોટા ફેરફાર આવી શકવાની સંભાવનાઓ વર્તાવા લાગી છે. સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવેલી અરજીને લઈ નિર્ણય આવ્યો છે. જેમાં ૨૦૧૮માં NCTE દ્વારા લેવામાં આવેલ નિર્ણયને રદ કરવામાં આવ્યો છે. જેને લઈ હવે પ્રાથમિક શાળાઓમાં PTC શિક્ષકોની જ ભરતી થઈ શકશે. આમ હવે પ્રાથમિક શાળાઓમા B.Ed કરેલ ઉમેદવારોને ભરતીમાં શિક્ષક તરીકે લેવામાં નહીં આવી શકે એવો મોટો ફેરફાર થઈ શકે છે.

PTC કરેલ અને ડીપ્લોમા કરેલ તાલીમાર્થીઓને જ શિક્ષક તરીકે લેવામાં આવી શકે છે. ગુજરાતમાં પણ PTC તાલીમાર્થીઓની જ ભરતી કરવામાં આવે એવી માંગ કરવામાં આવી શકે છે. આમ જો ગુજરાત સરકાર આ અંગે ભરતીના નિયમમાં ફેરફાર કરશે તો, માત્ર PTC તાલીમાર્થીઓ જ પ્રાથમિક શિક્ષક તરીકે ભરતી થઈ શકે છે. જોકે આ ભરતી નિયમ અસમંજસ છે. ૧ થી ૫ ધોરણ કે ૬ થી ૮ ના ધોરણ માટે અલગ અલગ આ નિર્ણયને માનવાનો કે માત્ર એક જ સરખી રીતે લાગુ પડશે એ જોવુ મહત્વનુ રહેશે.

**આરોગ્ય તંત્રની ટીમે**

# નગરની હોસ્પિટલો અને શાળા કોલેજોમાં વાહકજન્ય રોગચાળા મામલે સર્વે કર્યો

**નગરની સિવિલ હોસ્પિટલ સહીત ૨૦ ખાનગી હોસ્પિટલમાં પણ સર્વે કરાયો : વિવિધ હોસ્પિટલો, કોર્મશિયલ વિસ્તાર અને કન્સ્ટ્રકશન સાઇટ પર તપાસ કરી મચ્છરોના પોરા મળી આવતા નોટીસ અપાઇ : સંક્રમણ ન ફેલાય તે માટે જરૂરી પગલા લેવા તાકીદ કરાઇ : પોરાનાશક કામગીરી પણ કરવામાં આવી**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં ડેન્ગ્યુના રોગચાળાને બેકાબુ બનતો અટકાવવા માટે કોર્પોરેશનની આરોગ્ય ટીમ દોડતી થઈ છે. શહેરના કોર્મશિયલ અને રહેણાંક વિસ્તાર સહીત નગરની હોસ્પિટલો તેમજ શાળા કોલેજમાં પણ તંત્રની ટીમ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો જેના અંતે નગરની સિવિલ હોસ્પિટલમાં સ્થિત દુકાનો અને સ્ટોલ્સને પણ વાહકજન્ય રોગચાળાને અનુલક્ષી નોટીસ આપવામાં આવી હતી આ ઉપરાંત કન્સ્ટ્રકશન સાઈટ તેમજ અન્ય ખાનગી હોસ્પિટલોને પણ નોટીસ આપી તકેદારી રાખવા સુચના આપવામાં આવી હતી તંત્રની ટીમે જરૂર જણાંય તેવા ઠેકાણે પોરાનાશક કામગીરી પણ કરી હતી જયારે ભવિષ્યમાં મચ્છર ઉત્પત્તિ સ્થનો મળી અવશે તો દંડનીય કાર્યવાહી હાથ ધરવાની ચેતવણી પણ આપી છે.

ગાંધીનગરમાં વરસાદી



સિઝન નિખરતા શહેર તેમજ આસપાસના વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાનુ જોર વધ્યુ છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પણ રોજબરોજ મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે સતત સ્થળ તપાસ

● અનુસંધાન પાન-૬ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com